ચોથા તબક્કામાં સરેરાશ ૬૪ ટકા મતદાન

સૌથી વધુ પં.બંગાળમાં ૭૬ ટકાથી વધુ તો જમ્મુ-કાશ્મીર સૌથી ઓછુંમાં ઓછું ૯.૭૯ ટકા

નવીદિલ્હી, તા. ૨૯

લોકસભાની ચૂંટણીના ચોથા તબક્કા માટે આજે નવ રાજ્યોને

આવરીલેતી ૭૧ સીટ ઉપર શાંતિપૂર્ણરીતે ૬૪ ટકાથી વધુ મતદાન થયું હતું. મતદાન પૂર્ણ થવાની સાથે જ ૯૬૧ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. આજે ચોથા તબક્કામાં ૧૨.૭૯ કરોડ મતદારો પૈકીના ૬૪ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ઉત્તરપ્રદેશની ૧૩ બેઠકો ઉપર ૫૭.૫૮ ટકા, બંગાળમાં આઠ સીટો ઉપર ૭૬.૪૪ ટકા, ઝારખંડમાં ત્રણ બેઠકો ઉપર ૬૩.૩૯ ટકા, મધ્યપ્રદેશમાં ૬૫.૭૭ ટકા, રાજસ્થાનમાં ૬૪.૪૮ ટકા સુધી મતદાન થયું હતું. જો કે, મહારાષ્ટ્રમાં અપેક્ષા કરતા ઓછું મતદાન રહ્યું હતું જેના કારણે નિરાશા ફેલાઈ હતી. મધ્યપ્રદેશમાં ૬૫.૮૬ ટકા જેટલું મતદાન અને ઓરિસ્સામાં ૬૪.૦૫ ટકા મતદાન થયું હતું. મતદાન પૂર્ણ થતાંની સાથે જ ભાજપ અને કોંગ્રેસ દ્વારા જીતના દાવા કરવામાં આવ્યા હતા. નવ

ક્યાં કેટલું મતદાન

રાજ્ય	મતદાન (ટકામાં)
મધ્યપ્રદેશ	૬૬.૧૪
બિહાર	૫૮.૯૨
જમ્મુ કાશ્મીર	૯.૭૯
મહારાષ્ટ્ર	૫૮.૨૩
ઓરિસ્સા	૬૮
રાજસ્થાન	૬૪.૫૦
ઉત્તરપ્રદેશ	૫૭.૫૮
બંગાળ	૭૬.૪૪
ઝારખંડ	૬૩.૭૭
કુલ ટકાવારી	૬૪.૦૦

રાજ્યોની ૭૧ સીટ પર શાંતિપૂર્ણરીતે મતદાન થયું હતું. પશ્ચિમ બંગાળમાં આજે પણ હિંસાના બનાવો બન્યા હતા. બોલીવુડની હસ્તીઓએ પણ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. અમિતાભ બચ્ચન પરિવાર, ઉદ્યોગપતિ મુકેશ અંબાણી પરિવાર, શાહરુખ ખાન, પ્રિયંકા ચોપરા, આમીર, કિરણ રાવ, કંગના, સચિને પણ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. યુવા પેઢીના તમામ કલાકારોએ પણ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. અગાઉ સવારે શાંતિપૂર્ણ માહોલમાં મતદાનની શરૂઆત થઈ હતી. દેશના જુદા જુદા રાજ્યોમાં પડી રહેલી ભીષણ ગરમી વચ્ચે સવારમાં જ લોકોએ મતદાન કરવાની તૈયારી કરી હતી. જેથી સવારમાં જ મોટા ભાગના મતદાન મથકો પર મતદારોની લાંબી લાઈન લાગી હતી. સવારમાં નવ રાજ્યોને આવરી લેતી ૭૧ સીટ પર મતદાનની શરૂઆત થતાની સાથે જ ચૂંટણી મેદાનમાં રહેલા તમામ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. હવે તેમના ભાવિ ૨૩મી મેના દિવસે જ જાણી શકાશે. ચોથા તબક્કામાં જ્યાં મતદાન યોજાઈ હતું તેમાં બિહારની પાંચ સીટો દરભંગા, ઉજિયારપુર, સમસ્તીપુર, બેગુસરાય અને મુંગેરનો સમાવેશ થાય છે. રાજસ્થાનની જે ૧૩ સીટો ઉપર મતદાન થયું હતું તેમાં સવાઈમાધોપુર, અજમેર, પાલી, જોધપુર, બાડમેર, જાલોર, ઉદયપુર, બાંસવાડા, ચિત્તોડગઢ, રાજસંમન, ભિલવાડા, કોટા, ઝાલાવાડ-બારનનો સમાવેશ થાય છે. ઉત્તરપ્રદેશની પણ ૧૩ સીટો ઉપર મતદાન થયું હતું.

ઉત્તરપ્રદેશમાં જ્યાં મતદાન થયું હતું તેમાં શાહજહાંપુર, ખેરી, હરદોઈ, ઉન્નાવ, ફરુકાબાદ, ઈટાવા, કન્નોજ, કાનપુર, અકબરપુર, જાલોન, ઝાંસી અને હમીરપુરનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રમાં ૧૭ સીટો ઉપર મતદાન થયું હતું જેમાં મુંબઈની તમામ છ સીટો પણ સામેલ છે.

સુપ્રીમ કોર્ટ સાથે સંતાકૂકડી રમવાનું બંધ કરો : કેન્દ્રને સુપ્રીમની ટકોર

રાફેલ મુદ્દે કેન્દ્ર સરકારે સોગંદનામા માટે વધુ સમય માંગતા સીજેઆઇએ કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી, આ કેસમાં વધુ સુનાવણી આજે હાથ ધરાશે

નવી દિલ્હી, તા. ૨૯

ભાજપના સાંસદ મિનાક્ષી લેખી તરફથી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીના સંદર્ભમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ આજે સુપ્રીમ કોર્ટમાં નવી એફિડેવિટ દાખલ કરી હતી. નવી એફિડેવિટમાં પણ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ ચોકીદાર ચોર હૈ નિવેદનને લઈને દુખ વ્યક્ત કર્યું હતું. જો કે, આ વખતે પણ રાહુલ ગાંધીએ માફી માંગી નથી. નવી એફિડેવિટમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, રાજકીય લડાઈમાં કોર્ટને ખેંચી લાવવાની બાબત યોગ્ય નથી. તેમનો આવો કોઈ ઈરાદો ન હતો. રાહુલે મિનાક્ષી લેખી ઉપર તિરસ્કાર અરજી મારફતે રાજનીતિ કરવાનો આક્ષેપ કર્યો હતો. આ મામલામાં આવતીકાલે વધુ સુનાવણી કરવામાં આવનાર છે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં બેંચ સમક્ષ રાહુલ ગાંધીના વકીલ સુનિલ ફર્નાન્ડિઝ ઉપ્થિત રહ્યા હતા. ફર્નાન્ડિઝે કહ્યું હતું કે, તેમને તિરસ્કાર નોટિસનો જવાબ આપવા માટે મંજુરી મળવી જોઈએ. સીજેઆઈ રંજન ગોગોઈ, જસ્ટિસ દિપક ગુપ્તા અને જસ્ટિસ સંજીવ ખન્નાની બેંચે રાહુલ ગાંધીના વકીલને કાઉન્ટર એફિડેવિટ દાખલ કરવા માટેની મંજુરી આપી દીધી છે. સુપ્રીમ કોર્ટે ૨૩મી એપ્રિલના દિવસે રાહુલ ગાંધીને અપરાધિક તિરસ્કાર નોટિસ જારી કરી હતી. ભાજપના સાંસદ મિનાક્ષી લેખી તરફથી દાખલ કરવામાં આવેલી અરજીમાં રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરીને દુખ વ્યક્ત કર્યું હતું. તેઓએ રાફેલ મામલામાં ચોકીદાર ચોર હૈના નિવેદનને લઈને દુખ વ્યક્ત કર્યું હતું. એ વખતે સુપ્રીમ કોર્ટ દ્વારા તેના નિવેદનને લઈને નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી. રાહુલે કહ્યું હતું કે, ચૂંટણી સભામાં પ્રચાર દરમિયાન ઉત્તેજનામાં તેમના દ્વારા આ નિવેદન કરવામાં આવ્યું હતું. સામાન્ય ધારણાના આધાર પર નિવેદન કરવામાં આવ્યું હતું. આ મામલામાં ૨૩મી એપ્રિલના દિવસે છેલ્લી સુનાવણી કરવામાં આવી હતી. તે વખતે રાહુલ ગાંધી તરફથી ઉપસ્થિત રહેલા વકીલે મામલાને ખતમ કરવા માટે અપીલ કરી હતી. જેને કોર્ટે ફગાવી દીધી હતી. ત્યારબાદ રાહુલ ગાંધીને નોટિસ ફટકારીને જવાબ આપવા માટે કહ્યું હતું.

કોંગ્રેસ પ્રમુખેઆજે એજ નોટિસનો જવાબ આપ્યો હતો. રાફેલ ડિલમાં ભ્રષ્ટાચારને લઈને મોદી ઉપર પ્રહાર કરતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, હવે તો સુપ્રીમ કોર્ટ પણ સ્વીકારી ચુકી છે કે, ચોકીદાર ચોર હૈ. હકીકતમાં ૧૦મી એપ્રિલના દિવસે સુપ્રીમ કોર્ટે સરકારના વાંધાઓ છતાં રાફેલ મામલામાં રિવ્યુ પિટિશન ઉપર નવા દસ્તાવેજના આધાર પર સુનાવણીનો ફેંસલો કર્યો હતો. ત્યારબાદ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, હવે સુપ્રીમ કોર્ટે પણ કેટલીક બાબતો કબૂલી લીધી છે.

જમ્મુ કાશ્મીરમાં લોકસભા બાદ વિધાનસભાની ચૂંટણી

નવી દિલ્હી,તા. ૨૯

જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી માટે માહોલ છે કે કેમ તેની ખાતરી કરવા માટે કેન્દ્રિય ચૂંટણી પંચ દ્વારા હવે ત્રણ સ્વતંત્ર નિરિક્ષકોની નિમણૂંક કરી છે. એવુ જાણવા મળ્યુ છે કે આ ટીમે ચૂંટણી પંચને કહ્યુ છે કે જમ્મુ કાશ્મીરમાં સ્થિતી લોકસભા ચૂંટણી બાદ ચૂંટણી કરાવી શકાય તેવી છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય અને રાજ્ય વહીવટીતંત્ર દ્વારા ટ્યુરિસ્ટ સિઝન, રમઝાન અને પહેલી જુલાઈથી શરૂ થઈ રહેલી અમરનાથ યાત્રાને ટાંકીને કહ્યુ છે કે ચૂંટણી સપ્ટેમ્બર અને ઓક્ટોબર વચ્ચે યોજી શકાય છે. કેન્દ્રિય ચૂંટણી પંચે ૨૬મી એપ્રિલના દિવસે મહત્વપૂર્ણ બેઠક આ સંબંધમાં કરી હતી. જેમાં જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી સપ્ટેમ્બરમાં હરિયાણા અને મહારાષ્ટ્રની સાથે કરાવવા માટે સુચન કર્યુ હતુ. કેન્દ્ર સરકારે જમ્મુ કાશ્મીરમાં ચૂંટણી નવેમ્બર મહિનામાં કરાવવા માટે પ્રસ્તાવ આપ્યો હતો.

કેન્દ્રિય ગૃહ મંત્રાલયના એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે અમરનાથ યાત્રા માટે ઓછામાં ઓછા બે સપ્તાહ પહેલા સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવાની જરૂર છે. સુરક્ષા દળોની તૈનાતી કરવી પડશે. યાત્રા દરમિયાન હમેંશા હાઈ થ્રેટ એલર્ટ રહે છે. આના માટે વ્યવસ્થા ખુબ પહેલા કરવામાં આવે છે. ચૂંટણી પંચ જમ્મુકાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણીને લઈને આ સપ્તાહમાં અંતિમ નિર્ણય કરી શકે છે. જે ત્રણ નિષ્ણાંતોની નિમણૂંક કરવામાં આવી હતી તેમાં વર્ષ ૧૯૭૭ની બેંચના નિવૃત આઈએએસ અધિકારી નુર મોહમ્મદ, વર્ષ ૧૯૮૨ની બેંચના નિવૃત આઈએએસ અધિકારી વિનોદ જુત્શી અને વર્ષ ૧૯૭૨ની બેંચના નિવૃત આઈપીએસ અધિકારી એએસ ગીલ ચૂંટણી પંચને પોતાનો હેવાલ ૧૫મી એપ્રિલના દિવસે સોંપી દીધો હતો.

પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી માટેની તૈયારી વહેલીતકે હાથ ધરવામાં આવે તે જરૂરી છે. નિરીક્ષકોના કહેવા મુજબ ૧૯મી મેના દિવસે લોકસભાની ચૂંટણી પરિપૂર્ણ થયા બાદ તરત જ જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી યોજવાની ઈચ્છા વ્યક્ત કરવામાં આવશે તે વખતે સુરક્ષા દળોની ઉપલબ્ધતાના સંદર્ભમાં ચિતાનું સમાધાન પણ થઈ જશે. જમ્મુ કાશ્મીરમાં લોકસભાની ચૂંટણીની સાથે સાથે વિધાનસભાની ચૂંટણી યોજવામાં આવી રહી નથી. કારણ કે, કેન્દ્રીય ગૃહમંત્રાલય અને જમ્મુ કાશ્મીર વહીવટીતંત્ર દ્વારા ચૂંટણી પંચને કહેવામાં આવ્યું હતું કે, ચૂંટણી માટે પુરતી સંખ્યામાં સુરક્ષા દળોની વ્યવસ્થા થઈ શકશે નહીં.

વારાણસીમાં ત્રાસવાદી હુમલાનો ખતરો : એલર્ટની જાહેરાત કરાઈ

જમ્મુ કાશ્મીરના એક શંકાસ્પદ શખ્સ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંસદીય મતવિસ્તારમાં એન્ટ્રી કર્યા બાદ સાવચેતીના પગલા : તમામ જગ્યાએ સુરક્ષા

વારાણસી,તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંસદીય ક્ષેત્ર વારાણસીમાં ફરી એકવાર ત્રાસવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. આને લઈને ગુપ્તચર સંસ્થાઓ દ્વારા એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. એલર્ટ કરવામાં આવ્યા બાદ તમામ જગ્યાઓએ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી રહી છે. ખાસ કરીને ધાર્મિક સ્થળો ઉપર સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દેવામાં આવી છે. વારાણસી વિતેલા વર્ષોમાં પણ અનેક વખત આતંકવાદી હુમલાનો શિકાર થયા બાદ આ વખતે વિશેષ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી રહી છે. વારાણસીમાં હજુ મતદાન થયું નથી જેથી ત્રાસવાદીઓ મતદાન ખોરવી નાંખવાનો પણ હેતુ ધરાવે છે.

સ્થાનિક પોલીસની સાથે આઈબી, એટીએસ, એસટીએફ અને એનઆઈએની ટીમ સક્રિય થઈ ગઈ છે. શનિવારના દિવસે જમ્મુ કાશ્મીરના એક શંકાસ્પદ શખ્સની વારાણસીમાં એન્ટ્રી થઈ હોવાના હેવાલ મળ્યા છે. આ શખ્સની લોકેશન વારાણસીના લકસા વિસ્તારમાં હોવાની બાતમી સપાટી પર આવી હતી. માહિતી મળ્યા બાદ દિવસ દરમિયાન તપાસ ઓપરેશન ચાલી રહ્યુ છે. આ ગાળા દરમિયાન ગંગાના ઘાટની સાથે સાથે હોટેલ, રેલવે સ્ટેશનો, બસ અડ્ડા , ભીડભાડવાળા વિસ્તારો અને તમામ સ્થાનોને પોલીસ અને ગુપ્તચર સંસ્થાઓ દ્વારા ચકાસવામાં આવી રહ્યા છે. જો કે હજુ સુધી કોઈ શકમંદની ધરપકડ કરવામાં આવી નથી. કોઈ બિનવારસી વસ્તુઓ પણ મળી નથી. એવી શંકા છે કે કાશ્મીરનો આ શકમંદ વારાણસીમાં કોઈ મોટી ત્રાસવાદી ગતિવિધીને અંજામ આપી શકે છે. જો કે એસએસપી આનંદ કુલકર્ણીએ કહ્યુ છે કે લોકસભા ચૂંટણીને ધ્યાનમાં લઈને નિયમિત રીતે ચકાસણી કરવામાં આવી છે.

મોદી અને શાહની સામે કાર્યવાહી કરવાની માંગ

કોંગ્રેસ સાંસદ દ્વારા સુપ્રીમમાં અરજી

નવીદિલ્હી, તા.૨૯

સુપ્રીમ કોર્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહની સામે દાખળ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી કરવાનો નિર્ણય કર્યો છે. અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, મોદી અને અમિત શાહે ચૂંટણી આચારસંહિતાનો ભંગ કર્યો છે. અને તેમની સામે કાર્યવાહી થવી જોઈએ. આ અરજી કોંગ્રેસની મહિલા પાંખની અધ્યક્ષ અને સાંસદ સુષ્મિતા દેવ તરફથી દાખલ કરવામાં આવી હતી. કોંગ્રેસના નેતા અને વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ કોર્ટ સમક્ષ માંગ કરી હતી કે, આ મામલાની સુનાવણી વહેલી તકે થવી જોઈએ. સુપ્રીમ કોર્ટ આવતીકાલે આ અરજી ઉપર સુનાવણી હાથ ધરશે.

સુષ્મિતા દેવે પોતાની અરજીમાં કહ્યું હતું કે, મોદી અને અમિત શાહ દ્વારા અનેક વખતે ચૂંટણી આચારસંહિતાનો ભંગ કરવામાં આવ્યો છે. આના પુરાવા કોંગ્રેસ પાર્ટી આપી ચુકી છે. દેવે કહ્યું હતું કે, બંને નેતાઓ દ્વારા ઉશ્કેરણીજનક નિવેદનો કરવામાં આવી રહ્યા છે. આ નેતાઓ દ્વારા પોતાના ભાષણોમાં સેનાના નામ ઉપર મત માંગવામાં આવી રહ્યા છે. ચૂંટણી પંચે આના ઉપર પ્રતિબંધ મુક્યો છે ત્યારે આ મુદ્દા ઉપર જ મત માંગવામાં આવી રહ્યા છે. દેવે કહ્યું હતું કે, કોંગ્રેસે ચૂંટણી પંચ સમક્ષ આની ફરિયાદ પણ કરી હતી.

વારાણસીમાં મોદીની સામે સપાએ ઉમેદવાર બદલ્યો

સપાના પૂર્વ ઘોષિત ઉમેદવાર શાલિની નામ પરત ખેંચશે

વારાણસી, તા. ૨૯

ઉત્તરપ્રદેશની ચર્ચાસ્પદ અને હાઈપ્રોફાઈલ વારાણસી સીટ ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સામે સમાજવાદી પાર્ટી-બસપ ગઠબંધને પોતાના ઉમેદવારને હવે બદલી નાંખ્યો છે. સોમવારના દિવસે ઉમેદવારીપત્ર દાખલ કરવાના છેલ્લા દિવસે સમાજવાદી પાર્ટીના ઉમેદવારને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ રહી હતી.

છેલ્લી ઘડીએ બીએસએફમાંથી બરખાસ્ત કરવામાં આવેલા જવાન તેજબહાદૂરને મેદાનમાં ઉતારવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આને લઈને ચર્ચા પણ જોવા મળી રહી છે. સમાજવાદી પાર્ટીના પૂર્વ ઘોષિત ઉમેદવાર સાલિની યાદવ અને બરખાસ્ત જવાન બહાદૂર યાદવ દ્વારા સમાજવાદી પાર્ટીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી હતી. જો કે, મોડેથી આજે સમાજવાદી પાર્ટી તરફથી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, તેજબહાદૂર યાદવ વડાપ્રધાનની સામે મેદાનમાં રહેશે. શાલિની યાદવ દ્વારા નામ પરત ખેંચી લેવામાં આવશે. આપહેલા સમાજવાદી પાર્ટીના પ્રદેશ પ્રવક્તા મનોજ રાયે બરખાસ્ત જવાન તેજબહાદૂર યાદવની સાથે ઉમેદવારીપત્ર દાખલ કર્યું હતું. મનોજ રાય ધૂપચંડી બીએસએફના બરખાસ્ત કરવામાં આવેલા જવાન બહાદૂર યાદવ સાથે ઉમેદવારી કરવા પહોંચ્યા હતા. ધૂપચંડીએ કહ્યું હતું કે, હવે તેજબહાદૂર યાદવ ઉમેદવાર તરીકે રહેશે. તેજબહાદૂર આ પહેલા પણ ઉમેદવારી કરી ચુક્યા છે. જો કે, તેમની ઉમેદવારી રદ કરવામાં આવી હતી. એમ પણ કહેવામાં આવી રહ્યું છે કે, ટિકિટ માટે તેઓએ સપા અધ્યક્ષ અખિલેશ યાદવ સાથે મુલાકાત કરી હતી. સુત્રોના કહેવા મુજબ તેજબહાદૂરની ઉમેદવારી માન્ય રહ્યા બાદ બીજી મેના દિવસે નામ પરત લેવાના છેલ્લા દિવસે શાલિની ઉમેદવારી પાછી ખેંચી લેશે.

ડીસામાં રસ્તાના વિવાદનો અંત : જમીન માલિક સ્વખર્ચે નવો રોડ બાંધી આપશે

ડીસા, તા. ૨૯

બનાસકાંઠાના ડીસા શહેરમાં વિરેનપાર્કથી પાટણ હાઈવેને જોડતા માર્ગને તાજેતરમાં રાતોરાત તોડી દેવાયા બાદ શહેરમાં આ મામલો ખૂબ જ

ચર્ચાસ્પદ બન્યો હતો ત્યારે હવે આ મામલે નવો વળાંક આવ્યો છે.. ડીસાના ધારાસભ્ય અને પાલિકા પ્રમુખની સફળ મધ્યસ્થી બાદ જમીનમાલિકે પોતાની જમીન પાલિકાને સોપવાની અને જુના માર્ગે સ્વખર્ચ નવો માર્ગ બાંધી આપવાની તૈયારી દર્શાવતાં જૂના રસ્તે ૨૫ ફૂટ પહોળો માર્ગ બાંધવાની તજવીજ શરૂ કરાઈ છે.

ડીસા શહેરમાં વિરેન પાર્કથી પાટણ હાઈવેને જોડતા રોડને તોડી દેવાતા આસપાસના વિસ્તારના રહીશોની મુશ્કેલી વધી ગઈ હતી. ત્યારે આ વિસ્તારના રહીશોની રજૂઆતના પગલે ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યા અને પાલિકા પ્રમુખ શિલ્પાબેન માળીએ જમીનમાલિકને મળી આ પ્રશ્નનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કરતા આ મંત્રણાનું સુખદ પરિણામ પણ મળ્યું છે.

આ વિવાદિત જમીનના માલિક પંકજભાઈ મંડોરાએ પોતાની માલિકીની જૂના રસ્તા વાળી જમીન પાલિકાને આપવાની અને સ્વખર્ચે નવો રોડ બાંધી આપવાની તૈયારી દર્શાવતા વિવાદનો અંત આવ્યો છે. અગાઉ પાલિકા દ્વારા ખોટી રીતે આ વિસ્તારમાં રાતોરાત રોડ બનાવી રાજકીય લાભ ખાટવાનો પ્રયાસ કરાયો હોવાનો આક્ષેપ પણ જમીન માલિક પંકજભાઈ મંડોરાએ કર્યો હતો. આ મામલે ડીસા નગરપાલિકાના ચીફ ઓફિસરનો સંપર્ક કરતાં તેમણે જણાવ્યુ હતું કે જમીનમાલિકે રસ્તા માટે જમીન આપી સ્વખર્ચે રસ્તો બનાવી આપવાની તૈયારી દર્શાવતા આ માર્ગ પર ૨૫ ફૂટ પહોળો નવો રોડ બાંધવાની તજવીજ હાથ ધરાઈ છે.

ઊંઝામાં જીએસટી ચોરી બાબતે ટ્રાન્સપોટર્સની તપાસથી ફફડાટ

ઊંઝા, તા. ૨૯

એશિયાભરના સૌથી મોટા વેપારીમિથક ઊંઝા શહેરમાં કથિત બોગસ બિલોના આધારે થતી જીએસટીની ચોરી સંદર્ભે આજે રાજ્યના જીએસટી વિભાગના અધિકારીઓની ટીમોએ સશસ્ત્ર પોલીસ સાથે કેટલાક વેપારીઓ અને ટ્રાન્સપોર્ટરોના સ્થળોએ ત્રાટકીને સઘન તપાસ શરૂ કરતાં ટ્રાન્સપોર્ટરો અને વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

વેપારીમથક ઊંઝામાં કેટલાક વેપારીઓ અને ટ્રાન્સપોર્ટરો કથિત બોગસ બિલો થકી માલોની હેરફેરમાં જીએસટીની મોટાપાયે કરચોરી કરતા હોવાની ઉચ્ચકક્ષાએ થયેલ ફરિયાદોને પગલે આજે રાજ્યના જીએટી વિભાગના અમદાવાદ, ગાંધીનગર સહિતની અન્ય ટીમોએ એસઆરપીને સાથે રાખી કેટલાક ટ્રાન્સપોર્ટરો અને વેપારીઓના સ્ત્રોતોએ અચાનક સઘન તપાસ હાથ ધરી હતી.

જેમાં કેટલાકને ત્યાંથી શંકાસ્પદ સાહિત્ય, બેનામી વ્યવહારો, બોગસ બિલો સંબંધિત હકિકત મળી હોવાનું કહેવાય છે. આ દરોડા મુખ્યત્વે સ્થાનિક માર્કેટયાર્ડની નજીકમાં આવેલ સ્ટેશનરોડ પરની અને તાલુકા પંચાયત કચેરી પાસેની કેટલીક ટ્રાન્સપોર્ટ કંપનીઓ અને વેપારી પેઢીઓ, દુકાનો પર પાડવામાં આવ્યા છે. સવારના સમયે શરૂ થયેલ દરોડાની કાર્યવાહી સાંજ સુધી ચાલુ રહી છે. જેથી જીએસટીની ચોરી કરચોરી પકડવાની શકયતા જણાય છે. જીએસટી વિભાગના અધિકારીઓની આ કાર્યવાહીથી ટ્રાન્સપોર્ટરો અને વેપારીવર્ગમાં ફફડાટ વ્યાપ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં વેટ વિભાગના અધિકારીઓએ સરકારી કરચોરી અંગે ઊંઝાના કેટલાક ટ્રાન્સપોર્ટરો અને વેપારીઓના સ્થળોએ દરોડાઓ પાડ્યા હતા છતાં કોણ જાણે કેમ કરોડોનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા વેપારીમથક ઊંઝામાં છેલ્લા કેટલાયે વર્ષોથી બિન્દાસ્ત રીતે બોગસ બિલિંગના સહારે સરકારી ટેક્ષની મોટી ચોરી થઈ રહી હોવાનું ચર્ચાય છે.

મોડાસા બીસીએ કોલેજનો જવલંત દેખાવ

મોડાસા,તા. ૨૯

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની તાજેતરમાં માર્ચ-એપ્રિલ-૨૦૧૯માં લેવાયેલી બીસીએ સેમ.૬ યુનિવર્સિટીની પરીક્ષામાં અમારી સંસ્થામાં બીસીએના વિદ્યાર્થી પટેલ મો. સરહાન એસ. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં પાંચમો ક્રમાંક, ખરાડી અંબિકાબેન આર. સાતમો ક્રમાંક અને મનાત તન્વીબેન જી. નવમો ક્રમાંક મેળવી બીસીએ કોલેજનું ગૌરવ વધારેલ છે. વધુમાં આવી સુંદર સિદ્ધિ હાંસલ કરવા બદલ કોલેજ કેળવણી મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી, કોલેજના પ્રભારીમંત્રી અરવિંદભાઈ જે. મોદી તથા સુરેન્દ્રભાઈ જે. શાહે અભિનંદન પાઠવ્યા હતા. તેમજ કોલેજના આચાર્ય રાજેશ મકવાણા તથા સમગ્ર સ્ટાફમિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

કોર્ટ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અગાઉ પણ આ અન્વયે પોલીસ બન્દોબસ્ત વચ્ચે મકાનો ખાલી કરાવાયા હોવાના કીસ્સા છે. સરકારી આવાસો નવા બનાવાનુ કામ પણ પ્રગતિ હેઠળ છે. નવી ટાવર કોલોની બનાવવા માટે સેકટરોમાં આવાસો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. જયારે નવા આવાસો બનાવાની કામગીરી સાથે જુના અને જોખમી આવાસો ખાલી કરાવવા માટે પણ ઝુંબેશ હાથ ધરાઈ છે. પરંતુ હજુ સુધી નિવૃતિ અને બદલીના કિસ્સા બાદ પણ આવાસોમાં ગેરકાયદેસર કબજો હોય તેવા કિસ્સાઓ પણ ઘણાં છે. આ મામલે તંત્ર દ્વારા અત્યાર સુધીમાં અંદાજિત ૧૦૦ જેટલા કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરાયા છે. જયારે આગામી દિવસોમાં આવા ગેરકાયદેસર કબજો હોય તેવા આવાસો પણ ખાલી કરાવવા કડક કામગીરી હાથ ધરાશે.

કડિયાનાકુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મનપા દ્વારા 'ગ' ૦ ખાતે સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી છે એટલુ જ નહિ ઘ-૨ પાસે જે અત્યાર સુધી ચાલતુ હતુ તે શીફ્ટ કરવા માટે વાહન વ્યવસ્થા પણ તંત્ર દ્વારા પુરી પાડવાનો નિર્ણય લેવાયો છે.

ગાંધીનગર ઘ-૨ નજીક કડિયાનાકા ડેવલપ કરવામાં આવ્યું હતું. હવે તે 'ગ' ૦ પાસે શિફ્ટ કરવામાં આવ્યુ છે. અહિ શ્રમયોગીઓને રોજગારીની તકો ઉપલબ્ધ થાય તેનુ પણ ધ્યાન રાખવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

પુરતો જથ્થો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધારે છે. આમ, ગુજરાતમાં નર્મદા આધારીત ૮૯૧૧ ગામો, ૧૬૫ શહેરો અને ૬ મહાનગરપાલિકાઓમાં નર્મદાના પાણી આપવામાં આવે છે. તેમણે ઉમેર્યુ કે, ગત વર્ષની સરખામણીમાં સૌરાષ્ટ્ર અને કચ્છના જીલ્લાઓમાં ઓછો વરસાદ થયેલ. જેથી પોરબંદર, દેવભુમિ દ્વારકા, મોરબી, ભાવનગર, જામનગર, રાજકોટ અને કચ્છ જીલ્લાઓના ડેમોમાં ઓછા પાણીની આવક થયેલ. પરિણામે આ જીલ્લાઓમાં પાતાળ કુવાઓ પણ ઓછા રિચાર્જ થયા છે. ઉપરોક્ત કારણોસર રાજ્ય સરકારે પીવાના પાણી માટે નર્મદા નહેરની માળિયા અને વલ્લભીપુર બ્રાંચ કેનાલ ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. જે મૂજબ હાલ પણ બન્ને બ્રાંચ કેનાલો ચાલુ છે જેમાંથી પુરતા પ્રમાણમાં નર્મદાનું પાણી પીવા માટે ઉપલબ્ધ છે. પોરબંદર જીલ્લાના ફોદારા ડેમમાં હાલ નહિવત પાણી છે. આ ડેમમાંથી પોરબંદર શહેરને અને જુથ યોજનાઓને ૨ કરોડ લીટર જથ્થો પુરો પાડવામાં આવે છે. આ ઘટંને પુરી કરવા હેતુસર રાજ્ય સરકારે ૧૨૦ કરોડની ૬૪ કિ.મી. લાંબી ઉપલેટાથી રાણાવાવ પાઈપલાઈનના કામો મંજૂર કરેલ. આ કામો યુધ્ધના ધોરણે પુરા કરવામાં આવેલ અને પાણી પુરવઠો રાણાવાવ સુધી પહોંચાડવામાં આવેલ છે. આગામી બે દિવસમાં આનુશાંગિક કામો પુરા કરી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ મારફતે પોરબંદરને પાણી પુરુ પાડવામાં આવશે.

ભાજપના સંપર્કમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેનર્જી હંમેશા માટી અને માનુષની વાતો કરતા રહ્યા છે પરંતુ હવે મમતાએ માટીને છોડી દીધી છે. મમતાએ જાહેરાત કરી છે કે, તેઓ બંગાળની માટી અને પથ્થરોથી બનેલા રસગુલ્લા ખવડાવવા માટે ઈચ્છુક છે પરંતુ આ તેમના માટે સૌભાગ્યની વાત છે. જે માટીમાં રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, ચૈતન્ય મહાપ્રભુ, જગદીશચંદ્ર બસુ, નેતાજી સુભાષચંદ્ર બોઝ, શ્યામાપ્રસાદ મુખર્જીનો જન્મ થયો છે તે જગ્યાની માટી પણ ગર્વ સમાન છે. જે મહાપુરુષોની જમીન બંગાળની માટી રહી છે તે જમીનના માટીના રસગુલ્લા પણ ગર્વ સમાન છે. તેમણે કહ્યું હતું કે, બંગાળના લોકો પરિવર્તન માટે કમરકસી ચુક્યા છે. મોદીએ કહ્યું હતું કે, સમગ્ર દેશના લોકો કહી રહ્યા છે કે, પશ્ચિ